| | |
|---|---|
| દાખલ તારીખ | ૧૨/૦૯/૨૦૨૨ |
| નોંધ્યા તારીખ | ૧૨/૦૯/૨૦૨૨ |
| ફેંસલ તારીખ | ૦૮/૦૪/૨૦૨૬ |
| સમયગાળો | વર્ષ માસ દિવસ<br>૦૨ ૦૪ ૨૨ |

सत्यमेव जयते

********************************************************

**મહીસાગર જિલ્લાના મહે. એડી.ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટની કોર્ટમાં મુકામ : લુણાવાડા**

********************************************************

**ક્રિ. કેસ નં. ૨૮૭૫ /૨૦૨૨**
**આંક :– *૫૩***

| | |
|---|---|
| **ફરીયાદી** | શ્રી સરકાર |

**<u>વિરુધ્ધ</u>**

| **આરોપી** | **ઉ.વ.** | **ધંધો** | **રહેવાસી** |
|---|---|---|---|
| (૧)તેજપાલસિંઘ નીહાલસિંઘ સરદારજી | ૩૦ | ટ્રાન્સપોર્ટ | રહે. બસ સ્ટેશનની સામે, ગુરૂનાનક નગર, હિંમતનગર , જી. સાબરકાંઠા |
| (૨) આનંદસિંઘ હરણસિંઘ સરદારજી | ૨૨ | ભુંડ પકડવાનો | રહે. ગુરૂનાનક નગર,વૈધનાથ મંદીરની પાસે, શહેરા, જી.પંચમહાલ |
| (૩)અજયસિંઘ દયાસિંઘ બાવરી(સરદારજી) | ૩૫ | ભુંડ પકડવાનો | રહે. મોટી ચરેલ, તા.લુણાવાડા, જી.મહીસાગર |

**<u>ગુનો:– ઈ.પી.કો.૩૨૩, ૩૨૪,૩૨૫, ૫૦૪,૫૦૬(૨),૧૧૪, જી.પી.એકટ. ૧૩૫ મુજબ.</u>**

**ફરીયાદપક્ષ તર્ફે વિ. એ. પી. પી.શ્રી એસ.એસ.પંડયા**

**આરોપીઓ તર્ફે વિ. વ. શ્રી. પી.એન.રાવલ**

***<u>–::ચુકાદો ::–</u>***

**(૧)** ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકિકત એવી છે કે, આરોપીઓએ આ કામના ફરીયાદી તા.૨૪/૧૦/૨૦૨૪ ના રોજ સવારના ૧૦ કલાકે તેઓ, તેમનો દીકરો કબીરસીંઘ ભુંડ જોવા

માટે ચારકોશીયા થઇ મધવાસ દરવાજા તરફ જતા હતા ત્યારે બુરહાની સોસાયટી સામે રોડ ઉપર આરોપી નં.૧ તેજપાલસીંઘ નીહારસીંઘ સરદાર તથા આરોપી નં.ર આનંદસીંઘ ચીનાસીંઘ સરદાર તથા નં.૩ અજયસીંઘ દયાસીંઘ સરદાર નાઓ સાથે ભુંડ પકડવા બાબતે માથાકુટ ચાલતી હોય ઉશ્કેરાઇ જઇ તેમની પાસે આવીને કહેલુ કે આ વિસ્તારતો અમારો છે અમારે જ અહીંયા ભુંડ પકડવાના છે તમો કેમ ભુંડ પકડવા આવેલા છે તેમ કહી એકદમ ઉશ્કેરાઇ જઇ આનંદસીંઘ ચીનાસીંઘે ફરીયાદીને માથાના ભાગે તથા શરીરના ભાગે બે ત્રણ ફટકા મારી દીધેલા ને ફરીયાદીને દીકરાને ગળદાપાટુનો માર મારેલો તથા મા બહેન સમાણી ગાળો બોલીને ધમકી આપેલી કે હવે પછી અહીંયા જોવા મળશો તો જાનથી મારી નાખીશ તેવી ધમકી આપેલી દે દરમ્યાન આજુબાજુના માણસો ભેગા થઇ ગયેલા અને ફરીયાદીને વધુ માર થી બચાવી દીધેલા. આમ આરોપીઓએ ભારતીય દંડ સંહીતાની કલમ ૩૨૩,૩૨૪,૩૨૫,૫૦૪,૫૦૬(૨),૧૧૪ જીપીએકટ ની કલમ ૧૩૫ મુજબનો ગુનો કરેલ હોય. આ કામના ફરીયાદીએ લુણાવાડા પોલીસ સ્ટેશન એફ.આઇ.આર. નં.૧૪૧૦/૨૦ થી ફરીયાદ નોંધાવેલી પોલીસે ધોરણસર ની તપાસ કરેલી અને આરોપી વિરુઘ્ઘ પુરતા પુરાવા જણાય આવતા ધરપકડ કરી ને અદાલત સમક્ષ રજુ કરેલ હતા. અને, આરોપીઓ ને જામીન મુકત કરેલ હતા.

**(૨)** સદર કામે આરોપીઓ વિરુધ્ધનું ચાર્જશીટ આવી જતાં અત્રેથી સમન્સ બજવણી બાદ આરોપી હાજર થતાં ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૦૭ ની જોગવાઈનું પાલન કરી પોલીસ પેપર્સની નકલો આપી, તે મળી ગયાની ખાત્રી કર્યા બાદ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૫૧ અન્વયે આરોપીએ ગુન્હા અંગે સમજ કરી, **આંક– ૧૨** થી આરોપી વિરુધ્ધ તહોમતનામું ઘડવામાં આવેલ અને **આંક–૧૩** થી **આંક–૧૫** સુધી ગુન્હા અંગે જવાબ નોંધતા તેમાં આરોપીઓએ ગુન્હો કબુલ નથી. કેસ આગળ ચલાવવો છે, તેમ જણાવતા સદર કામ આગળની ઈન્સાફી કાર્યવાહી સારુ રાખવામાં આવેલ.

**(૩) સદર કામે ફરીયાદપક્ષે નીચે મુજબનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે.**

**–:: મૌખિક પુરાવો ::–**

| **અ. નં.** | **સાહેદની વિગત** | **આંક** |
|---|---|---|

| | | |
|---|---|---|
| (૧) | ફરીયાદી જગનસીંઘ ભગતસીંઘ લવારીશીખ (સરદારજી)ની સોગંદ ઉપર જુબાની | ૧૯ |
| (૨) | સાહેદ કબીરસીંઘ જગનસીંઘ લવારીશીખ ની સોગંદ ઉપરની જુબાની | ૨૧ |
| (૩) | સાહેદ ડો.ગૌરાંગ મહેશભાઇ પંચાલની સોગંદ ઉપર જુબાની | ૨૬ |
| (૪) | સાહેદ હરજીતકોર જગનસીંઘ લવારીશીખની સોગંદ ઉપર જુબાની | ૨૯ |
| (૫) | પંચ મહેબુબભાઇ રસુલભાઇ ચૌહાણની સોગંદ ઉપર જુબાની | ૩૦ |
| (૬) | પંચ સહદ ઇમ્તીયાઝ ઘાંચીની સોગંદ ઉપર જુબાની | ૩૨ |
| (૭) | સાહેદ ડો.ભાવીશાબેન વીઠ્ઠલભાઇ પરમારની સોગંદ ઉપર જુબાની | ૩૬ |
| (૮) | તપાસ કરનાર અમલદાર શ્રી નટવરસીંહ અર્જુનસીંહ રાઠોડની સોગંદ ઉપર જુબાની | ૪૨ |

**–:: દસ્તાવેજી પુરાવો ::–**

| અ. નં. | દસ્તાવેજી વિગત | આંક |
|---|---|---|
| (૧) | ફરીયાદ | ૨૦ |
| (૨) | મેડીકો લીગલ સર્ટીફીકેટ | ૨૭ |
| (૩) | ગુનાવાળી જગ્યાનું પંચનામુ | ૩૧ |
| (૪) | મેડીકલ સર્ટીફીકેટ જગનસીંઘ ભગતસીંઘ સરદારનું | ૩૭ |
| (૫) | મેડીકલ સર્ટીફીકેટ કબીરસીંઘ જગનસીંગ સરદારનું | ૩૮ |
| (૬) | સુચીપત્ર | ૪૩ |
| (૭) | હથીયાર રીકવરીનું પંચનામુ | ૪૪ |
| (૮) | સારવાર સર્ટી મેળવવાની યાદી | ૪૫,૪૬ |

**(૪)** ઉપરના પુરાવા સિવાય બીજા કોઇ દસ્તાવેજો મારી સમક્ષ રજુ કરવામાં આવેલા નથી. ત્યારબાદ, ફરીયાદપક્ષનો પુરાવો પુરો થયા બાદ સદર કામે આરોપીનું ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૧૩ અન્વયે વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે. જેમા આ કામના આરોપીઓએ ફરીયાદપક્ષે રજુ કરેલા તમામ પુરાવા ખરા નથી અને તેઓ નિર્દોષ છે. તેમ જણાવેલ છે. ત્યાર બાદ આ કામે બંને પક્ષોની દલીલો સાંભળવામા આવેલ છે.

**(૫)** આ કામે વિ.વ.શ્રી. ફરીયાદપક્ષે રજુઆત કરેલ છે કે,ઈ.પી.કો કલમ ૩૨૩,૩૨૪,૩૨૫ ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ જી.પી.એકટની કલમ ૧૩૫ મુજબ નો ગુનો

કરેલ છે. આ હકિકત સાબિત કરવા માટે ફરીયાદપક્ષે ફરીયાદી કે જેઓ બનાવમાં ભોગ બનનાર છે, તેવા ફરીયાદી જગનસીંઘ ભગતસીંઘ લવારીશીખ નાઓને આંક–૧૯ અને તેમના દીકરા કબીરસીસંઘને આંક–૨૧ થી ફરીયાદપક્ષે તપાસેલા છે. આ સાહેદ ને મેડીકલ પ્રમાણપ્રમાત્રોથી તથા ડોકટર શ્રી ગૌરાંગભાઇ મહેશભાઇ પંચાલ આંક–૨૬ અને ડો.ભાવીષા બેન વિઠઠલભાઇ પરમાર નાઓને આંક–૩૬ થી સોગંદ ઉપરની જુબાનીઓથી સમર્થન મળેલુ છે જેના ઉપરથી આ કામના ફરીયાદી તથા તેમના દીકરાને માર મારવામાં આવેલ છે એ હકીકત પુરવાર થાય છે. આ સાહેદોની માથાના ભાગે અને શરીરના અન્ય ભાગે ઈજાઓ થયેલ છે તે હકીકત પણ પુરવાર થાય છે. સોગંદ ઉપરની જુબાનીના અનુસંધાને કરવામાં આવેલ ઉલટતપાસમાં ફ.પક્ષના કેસને નુકસાન થાય એવી કોઇ હકીકતો બહાર આવેલી નથી જેના ઉપરથી ફ.પક્ષનો કેસ તમામ પ્રકારની વ્યાજબી શંકાઓથી પર પુરવાર થતો હોય આરોપીને કાયદા મુજબની સજા કરવા વિનંતી કરેલ છે.

જયારે આરોપી વિ.વ.શ્રી પી.એન.રાવળ નાઓએ રજુઆત કરેલ છે કે, ફરીયાદીએ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં છ–સાત માણસો ગાડીમાંથી નીચે ઉતરી લાકડી તથા તલવારથી તેમને મારવા લાગેલા જેમાંથી આનંદસીંઘે તેમને માથામાં તથા પગમાં લાકડીના ફટકા મારેલા અને તેમના દીકરા કબીરસીંઘને અજયસીંઘે માથામાં લાકડી મારેલી. પરંતુ તલવાર મારેલાની હકીકત ફરીયાદમાં લખાવેલ નથી. જેથી હથીયારની બાબતે મહત્વનો વિરોધાભાસ રેકર્ડ ઉપર આવેલો છે. હાલના આરોપીઓ ભૂંડ પકડવાનો કોઇ જ ધંધો કરતા નથી. આરોપીઓના નામ ડોકટરશ્રી સમક્ષની મેડીકલ હીસ્ટ્રીમાં ફરીયાદીએ લખાવેલ નથી. હાલના ફરીયાદીએ તથા સાહેદે એ હકીકત કબુલ રાખેલ છે કે તેઓનો ભૂંડ પકડવાનો ધંધો હાલમાં ચાલુ છે. લુણાવાડા ખાતે રહે છે. જેથી ૫૦૬(૨) મુજબ જાનથી મારી નાખવાની ધમકી એ માત્ર શબ્દો જ છે તેની કોઇ અસર ફરીયાદીના જીવન ઉપર થઇ નથી અને તેની રોજીંદી કાર્યવાહી ઉપર કોઇ જ વિપરીત અસર થઈ નથી જેથી આ કલમ હેઠળનો ગુનો પણ પુરવાર થતો નથી. ત.ક.અમલદારે ઘણા બધા માણસોની બનાવ સમયે હાજરી હોવા છતાં માત્ર ફરીયાદી અને તેમના દીકરાના જ નિવેદનો નોંધેલા છે. કોઈ સ્વતંત્ર સાહેદના નિવેદનો નોંધેલા નથી જેથી ફરીયાદપક્ષનો કેસ તમામ પ્રકારની વ્યાજબી શંકાઓથી પર પુરવાર થયેલ છે તેમ ગણી શકાય નહી. આમ, આરોપીએ કોઇ ગુનો કરેલ ન હોઇ આરોપીને નિદોર્ષ ઠારવી છોડી મુકવા વિનંતી કરેલ છે.

**(૬) ઉપર મુજબની રૂપરેખા ધરાવતા આ કેસના આખરી નિકાલ સારૂ નીચે મુજબનાં મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.**

**-:: મુદ્દાઓ ::-**

| | |
|---|---|
| **(૬.૧)** | શું ફરીયાદપક્ષ નિ:શંકપણે એ હકિકત પુરવાર કરે છે કે, :- આ કામના આરોપીઓને આ કામના ફરીયાદીનાઓ સાથે વર્ષોથી ભૂંડ પકડવા બાબતે માથાકુટ ચાલતી હોય. જેથી આ કામના આરોપીઓ એકદમ ઉશ્કેરાઈ જઈ આરોપીઓએ ફરીયાદીઓને માર મારેલાની તેમજ જાન મારી નાખવાની ધમકી આપી એકબીજાની મદદગારી કરી, માહે.જીલ્લા મેજી. સાહેબના જાહેરનામાનો ભંગ કરી ઇ.પી.કો. કલમ ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા જી.પી.એકટની કલમ ૧૩૫ મુજબનો ગુનો કરેલ છે ? |
| **(૬.૨)** | શું હુકમ ? |

**(૭) ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબના છે.**

(૧) અંશત: હકારમાં

(૨) આખરી હુકમ મુજબ.

**(૮) ઉપરોકત મુદ્દાઓના નિર્ણયના મારા કારણો નીચે મુજબ છે.**

**-:: કારણો ::-**

**મુદ્દા નં. ૧ :-**

**(૯)** સદર કામે ફરીયાદપક્ષ તરફે ફરીયાદીની અનુસંધાનમાં આરોપી વિરુધ્ધ તે મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવા દવારા રેકર્ડ પર રજુ કરી તે મુજબનો ગુન્હો શંકારહીત પુરવાર કરવો જોઈએ. આરોપી પક્ષે ઉલટતપાસ દવારા ફરીયાદપક્ષના પુરાવામાં સંભવિત શંકા ઉપસ્થિત થાય છે, તે મુજબ રેકર્ડ પર પ્રસ્થાપિત કરવો જોઈએ અને જો કોઈ વિશેષ બચાવ પોતાનો હોય તો તે મુજબનો તેમનો બચાવ રજુ કરવો જોઈએ. જો આવા કોઈ વિશેષ પુરાવામાં આરોપી પક્ષ નિષ્ફળ ગયેથી ફરીયાદપક્ષનો પુરાવો સફળ થાય છે તેવું માની

શકાય નહીં. પરંતુ સૌપ્રથમ ફરીયાદપક્ષે આરોપી વિરુધ્ધ શંકા રહિતનો પુરાવો રજુ કરવો જોઈએ તેવું કાયદાનું ધોરણ છે.

**(૧૦)** આરોપી વિરુધ્ધના આક્ષેપની હકિકત અને ઉપરોકત કાનૂની જોગવાઈ સંદર્ભે આરોપી વિરુધ્ધ પ્રોસીક્યુશન તરફે રજુ થયેલ પુરાવા લક્ષમાં લેવા જરૂરી બને છે, જેની સમરી નીચે મુજબ છે. આ કામમાં રજુ કરવામાં આવેલ પુરાવાની ચર્ચા કરતાં અગાઉ એ હકિકતની ખાસ નોંધ લેવી ઘટે કે –

" ફરીયાદપક્ષ તરફે ફરીયાદીની અનુસંધાનમાં વિરુધ્ધ તે મુજબનો શંકા રહીત પુરવાર કરવો જોઈએ. આ અંગે ભારતીય પુરાવા ધારાની કલમ ૧૦૧ માં જોગવાઈ કરવામાં આવેલ છે. આરોપી પક્ષે ઉલટતપાસ દવારા ફરીયાદપક્ષના પુરાવામાં સંભવિત શંકા ઉપસ્થિત થાય તે મુજબ રેકર્ડ પર પ્રસ્થાપિત કરવો જોઈએ. પરંતુ આવી શંકા કાલ્પનીક કે અવ્યવહારુ ન હોવી જોઈએ. તદ્દન સામાન્ય જ્ઞાન બુધ્ધિ ધરાવતો માણસ પણ આરોપી એ જ ગુનો કરેલ છે કે કેમ ? તે અંગે શંકા વ્યકત કરી શકે તે પ્રકારની હોવી જોઈએ. અને જો કોઈ ભારતીય ફોજદારી ધારાના સામાન્ય અપવાદો જે કલમ ૭૬ થી ૧૦૬ સુધી આપવામાં આવેલ છે, તેવા લેવા માંગતો હોય કે જે પોતાનો હોય તો તે મુજબનો તેમનો પુરાવો રજુ કરવો જોઈએ. અથવા તો કલમમાં જ કોઈ અપવાદરૂપ સંજોગો આપવામાં આવેલ હોય અને આવા સંજોગોનો આરોપી લાભ લેવા માંગતો હોય, તો લાભ અપાવતા સંજોગો પુરવાર કરવા જોઈએ. વધુમાં જો કોઈ ખાસ સંજોગો જે આરોપીની જાણમાં હોય તે સંજોગોમાંથી પોતે કોઈ બચાવ મેળવવા માંગતો હોય તો તે ભારતીય પુરાવાની ધારાની કલમ ૧૦૫ મુજબ તે સાબિત કરવાની જવાબદારી આરોપીની રહે છે. જો, આવા કોઈ વિશેષ પુરાવામાં આરોપીપક્ષ નિષ્ફળ ગયેથી ફરીયાદપક્ષનો પુરાવો સફળ થાય છે તેવું માની શકાય નહી. પરંતુ, સૌપ્રથમ ફરીયાદપક્ષે આરોપી વિરુધ્ધ શંકા રહીતનો પુરાવો રજુ કરવો જોઈએ તેવું કાયદાનું ધોરણ છે."

**( ૧૧ )** આ કામે ફરીયાદપક્ષે આ જજમેન્ટમાં જણાંવેલ ઉપર મુજબનાં ગુનાઓ નિ:શંકપણે પુરવાર કરવા સારૂ ફરીયાદપક્ષે કુલ ૦૮ સાહેદો તપાસવામાં આવેલા છે. આ સાહેદો પૈકી ફ.પક્ષે **આંક–૧૯** થી ફરીયાદી **જગનસીંઘ ભગતસીંઘ લવારીશીખ** નાઓને તપાસવામાં આવેલા છે. તેઓ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, તેઓ લુણાવાડામાં ૪૦

વર્ષથી રહી ભૂંડ પકડવાનો વ્યવસાય વ્યવસાય કરે છે. બનાવ અઢી–ત્રણ વર્ષ પહેલા લુણાવાડા ચારકોસીયાથી આગળ સોસાયટી તરફના રસ્તા ઉપર બનેલો. બનાવ સમયે તેઓ તેમજ તેમનો દીકરો બાઈક ઉપર ચાર કોસીયા નાકા તરફ જતા હતા તે સમયે તેઓની પાછળથી એક સફેદ કલરની ફોર વીલમાં છ થી સાત ઈસમાં આવેલા અને તેઓ ને ઉભા રહેવાનું કહેતા તેઓ ઉભા રહેલા. જે ગાડીમાંથી ૬ થી ૭ માણસો નીચે ઉતરેલા અને ત્રણેક ઈસમોએ તેઓને લાકડી તેમજ તલવારથી માર મારવા લાગેલા. જેમાથી આરોપી નં.ર નાઓએ તેમને માથામાં તેમજ પગમાં લાગડી અને તેઓના દીકરા કબીરસીધને આરોપી નં.૩ નાઓએ માથામાં લાકડી મારેલી અને તેજપાલસીધ તેઓને ગાળો બોલતો હતો. બનાવ પહેલા આરોપીઓ તેઓને કહેતા હતા કે ભુંડ પડવાનો વ્યવસાય અમારો છે તમારે કરવો નહી અને તમારે ગામ છોડી જતુ રહેવું નહી તો માર પડશે. ત્યાર બાદ બુમા બુમ થતા માણસો ભેગા થઈ ગયેલા અને આરોપીઓ ત્યાથી જતા રહેલા બાદ તેઓ તથા તેમનો દીકરો ૧૦૮ વાન મારફતે લુણાવાડા સીવીલ હોસ્પીટલમાં ગયેલા ત્યાથી વધુ સારવાર માટે ગોધરા સીવીલ હોસ્પીટલમાં રીફર કરતા તેઓ ત્યા ગયેલો અને તેઓના દીકરાને આયુશ હોસ્પીટલ લુણાવાડામાં લઈ ગયેલાઈ બાદ તેઓએ લુણાવાડા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ આપેલી. તેઓને ફરીયાદ બતાવવામા આવે છે જેમા તેઓના અંગુઠાનુ નીશાન છે જે ઓળખી બતાવે છે જે રજુ દાખલ આંક ર૯ આપવામાં આવે છે. આરોપીઓને તેઓ ઓળખી બતાવે છે.

ફરીયાદી સાહેદની આરોપી તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં તેઓ જણાવે છે કે, તેઓ અભણ છે. ઉલટતપાસમાં પ્રથમ તેઓએ આરોપીઓ તેમના દુરના સંબંધી છે તેવું પુછતા ના પાડેલી. ફરી સવાલ પુછતા તે હકીકત સ્વીકારેલ છે.વધુમાં તેઓ જણાવે છે કે તેઓ અને આરોપીઓના કુટુંબ વચ્ચે પારીવારીક ઝઘડાઓ ચાલે છે. ચારકોસીયા નાકા આગળ બનાવવાળી જગ્યાએ વાહનોની તેમજ લોકોની અવર–જવર તેમજ રહેણાંકના મકાનો આવેલા. તેઓ કે તેમના દીકરા પાસે કોઈ વાહન ચલાવવાનું લાયસન્સ નથી તેવું ફરીયાદી

જણાવે છે.વધુમાં તેઓ જણાવે છે કે, બનાવ સમયે તેઓની પાછળથી એક સફેદ ફોર વ્હીલર ગાડીમાં છ–સાત ઈસમો આવેલા અને તેઓને ઉભા રહેવાનું કહેતા તેઓ ઉભા રહેલા ત્યારબાદ ગાડીમાંથી ત્રણ ઈસમોએ તેઓને તલવાર, લાકડીથી માર મારવા લાગેલા તેવું તેમની ફરીયાદમાં જણાવેલ નથી. આ કામના આરોપીઓ શહેરા તેમજ અન્ય ગામોમાં રહે છે તેમજ શહેરા મુકામે ચાવી બનાવવાનો તથા ભુગ્ગા વેચવાનો ધંધો કરે છે. વધુમાં તેઓ જણાવે છે કે તેઓ તથા તેમનો દીકરો બાઈક ઉપર ભૂંડ પકડવા નીકળેલા. તેઓ હાલમાં લુણાવાડામાં રહી ભૂંડ પકડવાનો ધંધો કરે છે.તેઓને ડોકટરે ઈજા પુછેલુ અને તેઓએ માણસોએ મારેલુ તેવુ જણાવેલુ. આ કામના ફરીયાદી ફરીયાદ આપવા ગયેલા ત્યારે તેઓની સાથે ઘણાં બધા માણસો આવેલા તેઓની સાથેના માણસોની રજૂઆત ધ્યાને લઈ ફરીયાદ લખેલી અને તેમાં તેઓએ અંગુઠો મારેલો.

**(૧૨)** આ કામે **આંક–૨૧** થી ફરીયાદીના પુત્ર **કબીરસીંઘ જગનસીંઘ લવારીશીખ** નાઓને તપાસવામાં આવેલ છે. આ સાહેદે તેમની જુબાનીમાં જણાવે છે કે, તેઓ સંયુકત કુટું બમાં રહે છે અને ભૂંડ પકડવાનો વ્યવસાય કરે છે. બનાવ લુણાવાડા ચારકોસીયાથી આગળ સોસાયટી તરફના રસ્તા ઉપર બનેલો. બનાવ સમયે તેઓ તેમના પિતા સાથે બાઈક ઉપર ચારકોસીયા નાકા તરફ જતા હતા. તે સમયે તેઓની પાછળ એક સફેદ કલરની ફોર વ્હીલરમાં ૩,૪ ઈસમો આવેલા તેઓને ઉભા રહેવાનું કહેતા તેઓ ઉભા રહેલા. તે ગાડીમાંથી ૩,૪ માણસો નીચે ઉતરેલા ત્યારે તેમાંથી આરોપી નં.ર એ તેઓના પિતાને માથામાં તેમજ પગમાં લાકડીના ફટકા મારેલા અને આરોપી નં.૩ એ તેઓને માથામાં લાકડી કે તલવાર વડે મારેલુ. બાદમાં તેઓ તથા તેમના પિતા બાઈક ઉપર ઘરે ગયેલા. બાઈક તેમના પિતા ચલાવતા હતા. તેઓના પિતાને ૧૦૮ મારફતે સીવીલ હોસ્પીટલ લુણાવાડા ગયેલા ત્યાંથી રીફર કરતા ગોધરા લઈ ગયેલા અને તેઓને આયુષ હોસ્પીટલ, લુણાવાડામાં લઈ ગયેલા. બાદ તેઓના પિતાએ લુણાવાડા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ આપેલી. તેઓ આરોપીને ઓળખે છે.

આરોપી તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં તેઓ જણાવે છે કે,તેઓ હાલમાં પણ લુણાવાડા મુકામે રહી ભૂંડ પકડવાનો ધંધો કરે છે. તેઓ વધુમાં જણાવે છે કે તેઓ કે તેમના પિતા પાસે કોઈ વાહન ચલાવવા માટેનું લાયસન્સ નથી. એ વાત ખરી છે કે બનાવવાળી જગ્યા વાહનોની અવર જવર વાળી તેમજ રહેણાંકના મકાનો આવેલા છે. આ કામના આરોપીઓ શહેરા મુકામે રહે છે અને ચાવીઓ બનાવવાનો ધંધો કરે છે. તેઓએ તેઓની પાછળ ફોર વ્હીલર આવેલી જેમાંથી બે–ત્રણ ઈસમો ઉતરેલા અને તેઓને તથા તેમના પિતાને લાકડીથી કે તલવાર થી માર મારેલો તે હકીકતો પોલીસ રૂબરૂના નિવેદનમાં જણાવેલ નથી. વધુમાં તેઓ અને આરોપીઓ વચ્ચે પારીવારીક ઝઘડાઓ ચાલે છે. એ વાત ખરી છે કે, પોલીસે તેઓની કોઈ પુછપરછ કરેલ નથી. આરોપી તેઓના સગા થતા હોય બનાવ અગાઉથી જ તેઓને ઓળખે છે.

**(૧૩)**આ કામે **આંક–૨૬** થી **ડો.ગૌરાંગ મહેશભાઈ પંચાલ**ને તેઓને તપાસવામાં આવેલા છે. તેઓ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, તારીખ : ૨૪ / ૧૦ / ૨૦૨૦ ના રોજ લુણાવાડા આયુષ્ય ફોરપીટલ ખાતે દર્દી નામે કબીરસિંહ જગનસસિં ઉ.વ. ૧૮ ને રાત્રે ૧૧ . ૪૫ વાગે સારવાર માટે આવેલા હતા. તેઓને ઈજામાં માથાના વચ્ચેના ભાગે ૮ સે. મી. જેટલો લાંબો ઘા હતો. જેમાંથી માથાનું હાડકું દેખાતુ હતું. ડાબી બાજુ ઉપરનો હોઠ અને નાક ની વચ્ચેના ભાગ ઉપર ૧ .૫ સે. મી જેટલો છોલાયેલો ઘા હતો. કપાળના ઉપર ૧ ×૧ સે. મી જેટલો લોહી જામેલું હતું. જમણી સાથળના બહારના ભાગે ૪ સે. મી.× ૨ સે. મી. જેટલું લોહી જામેલુ હતુ. સીટીસ્કેન કરાવવામાં આવેલું જેમાં જમણી બાજુનું હાડકું ફ્રેકચર થયુ હતું અને મગજમાં ૨ મી. મી જેટલુ હેમરેજ હતું. દર્દીને મેડીકલ હિસ્ટ્રી પુછતા અન્ય માણસોએ તલવાર દ્વારા માથામાં મારેલ હતું. સદર દર્દીને થયેલ ઈજા એ ગંભીર પ્રકારની ઈજા હતી. તેઓએ દર્દીને સારવાર સર્ટી આપેલું જેમાં તેઓની હોસ્પીટલના સીકકા લગાવેલા છે અને સર્ટી આપનાર તરીકે તેઓની સહી કરેલી છે જે તેઓ ઓળખી બતાવે છે તેમાં લખેલી હકીકતો સાચી છે.

આરોપી તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં તેઓ જણાવે છે કે, હાલના દર્દી પોલીસ યાદી કે સીવીલ હોસ્પીટલની રીફર નોટ સાથે આવેલા નથી. મેડીકલ સર્ટીમાં ઈજાના કોઈ કલર જણાવેલ નથી. કોઈ ઈજા કેટલી જુની છે તે તેના કલરના આધારે કહી શકાય. આકસ્મિક રીતે બાઈક ઉપરથી પડવાથી પણ મેડીકલ સર્ટીમા જણાવેલી ઈજા થઈ શકે. કોણે શું માર્યુ તે નામજોગ કોઈ હિસ્ટ્રી આપેલ નથી.

(૧૪) આ કામે **આંક–૨૯** થી ફરીયાદી સાહેદની પત્ની **હરજીતકૌર જગનસીંઘ લવારીશીખ** નાઓને તપાસમાં આવેલા છે. તેઓ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, તેઓ સંયુકત કુટુમ્બમાં રહુ છુ તેઓના પતિ તેમજ દીકરાઓ ભૂંડ પકડવાનો વ્યવસાય કરે છે. બનાવ લુણાવાડા ચારકોસીયાથી આગળ સોસાયટી તરફના રસ્તા ઉપર બનેલો. બનાવ સમય તેઓ ઘરે તેમના ઘરે હતા. તે સમયે તેઓના પતિ તેમજ તેઓનો દીકરો કબીરસીઘ માથાના માં વાગેલ તેવી લોહી લુહાણ હાલતમાં ઘરે આવેલા. તે સમયે તેઓના પતિએ તેઓને જણાવેલ કે તેઓ તથા તેમનો દીકરો કબીર ઉપરોકત જગ્યાએ ભૂંડ પકડવા માટે ગયેલા હતા ત્યારે છ થી સાત ઈસમો ગાડીમાં આવેલા અને ભૂંડ પકડવાનો ધંધો અમારો છે આ ગામમાંથી તમે નીકળી જાઓ નહીતો જાનથી મારી નાખીશુ તેવી ધમકી તેઓના પતિને તેમજ કબીરસીઘને આપેલી. જેથી તેઓના પતિએ ભુંડ પકડવાનો ધંધો અમારો છે અમો પકડીશું તેવું જણાવેલું. જેથી અજયસીઘે તેઓના દીકરાને માથાના ભાગે લાકડી મારેલી. આનંદસીઘે તેઓના પતિને માથાના ભાગે લાકડી મારેલી. તેજપાલસીઘે તેઓના પતિને તેમજ દીકરાને લાફા મારેલા. ત્યાર બાદ તેઓના પતિ તેમજ દીકરો બાઈક ઉપર ઘરે આવેલા. બાદ તેઓના પતિ તેમજ દીકરાને લુણાવાડા જનરલ હોસ્પીટલમાં ૧૦૮ વાન મારફતે લઈ ગયેલા. જયાં તેમની પ્રાથમીક સારવાર કરેલી. તેઓના પતિને વધુ સારવાર માટે ગોધરા સીવીલ હોસ્પીટલમાં લઈ ગયેલા તેમજ કબીરસીઘને લુણાવાડાની ખાનગી હોસ્પીટલમાં લઈ જઈ સારવાર કરાવેલી. તેઓના પતિને ગોધરાથી રજા આપ્યા બાદ તેઓ,તેઓના પતિ તેમજ

કબીરસીધ ફરીયાદ નોંધાવવા ગયેલા. તેઓના પતિએ બનાવ બાબતની ફરીયાદ નોંધાવેલી. આરોપીઓને તેઓ ઓળખી બતાવે છે.

આરોપી તરફે કરવામાં આવે ઉલટતપાસમાં તેઓ જણાવે છે કે, એ વાત ખરી છે કે બનાવ તેઓએ નજરે જોયેલો નથી. બનાવની હકીકત તેઓએ તેમના પતિના કહેવાથી જાણેલી.તેઓના બન્ને કુટુમ્બો વચ્ચે પારીવારીક તકરાર ચાલે છે.તેઓ બનાવ પહેલા જયાં રહેતા હતા અને હાલમાં પણ ત્યાં જ રહે છે.આમ, સદર સાહેદની જુબાની પરથી બનાવની હકીકતને કોઈ સમર્થન મળતુ નથી.

(૧૫)આ કામે **આંક–૩૦** થી પંચ સાહેદ **મહેબુબભાઈ રસુલભાઈ ચૌહાણ** નાઓને તપાસવામાં આવેલા છે. તેઓ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, આજથી પાંચેક વર્ષ પહેલા પોલીસ વાઘરી વાસ પાસે આવેલી તેઓની લારી ઉપર આવીને એક લખેલા કાગળમાં સહી કરવાનુ કહેતા તેઓએ સહી કરી આપેલી. કાગળમાં શુ લખેલુ હતુ તેની તેઓને ખબર નથી. પોલીસે તેઓની હાજરીમાં કોઈ ગુનાવાળી જગ્યાનુ પંચનામું કરેલ હોય તેવુ બનેલ નથી. ગુનાવાળી જગ્યાનુ ઝેરોક્ષ પંચનામુ બતાવવામાં આવે છે જેમાં પંચ નં. ૧ તરીકે કરેલ સહી તેઓની છે જે ઓળખી બતાવે છે. આ કામે આરોપી તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં જણાવેલ છે કે, તેઓએ તૈયાર લખેલા કાગળ ઉપર સહી કરેલ તે સીવાય તેઓ કંઈ જાણતા નથી. આથી સાહેદને હોસ્ટાઈલ જાહેર કરવામાં આવેલ છે.

(૧૬) આ કામે **આંક–૩૨** થી પંચ સાહેદ **સહદ ઈમ્તીયાજ ઘાંચી** નાઓને તપાસવામાં આવેલા છે. તેઓ તેમની જુબાનીમાં જણાવે છે કે, પાંચેક વર્ષ પહેલા પોલીસે ચાર કોસીયા નાકા પાસે તેઓની પાસે આવીને એક કોરા કાગળમાં સહી કરવાનું કહેતા તેઓએ સહી કરી આપેલી. પોલીસે તેઓની હાજરીમાં કોઈ ગુનાવાળી જગ્યાનું પંચનામુ કરેલ હોય તેવુ બનેલ નથી. તેઓને આંક–૩૧ વાળુ ગુનાવાળી જગ્યાનું પંચનામુ બતાવતા તેમા પંચ નં.૨ તરીકે સહી કરેલી તે તેઓની છે જે તેઓ ઓળખી બતાવે છે. આ કામે આરોપી તરફે કરવામાં

આવેલ ઉલટતપાસમાં જણાવેલ છે કે, તેઓએ તૈયાર લખેલા કાગળ ઉપર સહી કરેલ તે સીવાય તેઓ કંઈ જાણતા નથી. આથી સાહેદને હોસ્ટાઈલ જાહેર કરવામાં આવેલ છે.

**(૧૭)** સદર કામે **આંક–૩૬ થી ડો.ભાવિશાબેન વિઠ્ઠલભાઈ પરમાર** નાઓને તપાસવામાં આવેલા છે. તેઓ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, તા.૨૪/૧૦/૨૦૨૦ ના રોજ તેઓ જનરલ હોસ્પીટલ લુણાવાડા ખાતે મેડીકલ ઓફીસર તરીકે તેઓની ફરજ પર હાજર હતા. તે દરમ્યાન સવારના ૧૦.૦૫ કલાકે દર્દી નામે જગનસીંહ ભગતસીહ સરદાર ઉ.વ. ૪૦ રહે. શાન્તીનગર,તા. લુણાવાડા, જી. મહીસાગર પોલીસ યાદી વગર હસમુખભાઈ જગનસીંહ સરદાર સાથે લાવેલા દર્દીને તપાસ કરતા હિસ્ટ્રીમાં જણાવેલ કે તા. ૨૪ / ૧૦ / ૨૦૨૦ સવારના ૮ કલાકની આસપાસ આરોપી નં.૧,૨ અને ૩ નાઓએ મારા મારી કરેલી. દર્દી ભાનમાં હતા તેમની તપાસ કરતા નીચે મુજબની ઈજા જણાયેલીલ (૧) ૫×૧×૦.૫ સે.મી. નો છુંદાયેલ ઘા જમણી બાજુના માથાના ઉપરના ભાગે (૨) ૩ ×૦.૫ × ૦.૫ સે.મી. નો છુંદાયેલો ઘા જમણી બાજુના માથાના ઉપરના ભાગે. (૩) ૪ × ૪ સે.મી. નો સુજન જમણી બાજુમાં માથાના ઉપરના ભાગે. દર્દીને પ્રાથમીક સારવાર આપીને વધુ સારવાર માટે તે જ દિવસે હાયર સેન્ટર રીફર કરેલ. ઉપરની ૧ અને ૨ નંબરની ઈજાઓ ૪૮ કલાકની અંદર બનેલ હોય તેવી હતી. તેઓના અભિપ્રાય મુજબ લાકડી જેવા સખત અને બોથડ પદાર્થ થી ઉપરની ઈજા થઈ શકે. સદર દર્દીની સારવાર કરી તેઓએ તેનું સર્ટિ આપેલું જે તેઓને બતાવતા તેમાં તેઓની સહી તથા હોદદાનું નિશાન છે જે તેઓ ઓળખી બતાવે છે.

આરોપી તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં તેઓ જણાવે છે કે, આ કામના દર્દીઓ પોલીસ યાદી સાથે આવેલ નહી. તેઓએ આપેલ મેડીકલ સર્ટીમાં ઈજાના કલર જણવેલા નથી. ઈજાના કલર ઉપરથી ઈજા કેટલી જુની છે તે જાણી શકાય. સારવાર દરમિયાન એકસ–રે દર્દીએ કરાવેલ નથી. બંને મેડીકલ સર્ટિમાં જણાવેલી ઈજાઓ આકસ્મિક રીતે બાઈક ઉપરથી પડવાથી પણ થઈ શકે તેવી ઈજાઓ છે.

(૧૮) આ કામે **આંક–૪૨** થી **અ.હે.કો. નટવરસિંહ અર્જુનસિંહ રાઠોડ** નાઓને તપાસવામાં આવેલા છે. તેઓ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, તારીખ :૨૪ / ૧૦ / ૨૦૨૦ ના રોજ તેઓ લુણાવાડા પોલીસ સ્ટેશન ખાતે હેડ કોન્સટેબલ તરીકે તેઓની ફરજ પર હાજર હતા ત્યારે ફરીયાદી લવારસિંહ જગનસિંહનાઓએ આ કામના આરોપીઓ વિરુધ્ધ પીએસઓ રુબરુ ફરીયાદ નોંધાવતા પીએસઓએ લુણાવાડા પો. સ્ટે. ગુ. ર જી. નં. ૦૧૪૧૦ / ૨૦૨૦ ઈપીકો કલમ ૩૨૩ ,૩૨૪,૩૨૫ ૫૦૪ , ૫૦૬ (૨), ૧૧૪ તથા જી પી એકટ કલમ ૧૩૫ મુજબની ફરીયાદ નોંધી તેની તપાસ તેઓને સોપેલી. જે અંગેનું સિચિપત્ર તેઓને બતાવતા તે તેઓના નામજોગ છે જે ઓળખી બતાવે છે જેને રજુ દાખલ આંક –૪૩ આપવામાં આવે છે. તપાસ સંભાળી તેઓએ બાનાવવાળી જગ્યાએ જઈ બે પંચો ના ગાણસો બોલાવી તેમના લખાવ્યા મુજબનું પંચનામુ લખી લઈ તેમની સહીઓ લીધેલ જે આંક – ૩૧ વાળુ પંચનામુ તેઓને બતાવતા તેમાં બે પંચોની તેમજ રુબરુ તરીકે તેઓની સહી કે જે ઓળખી બતાવે છે. બાદ માં લાગતા વળગતા સાહેદોના નિવેદનો લીધેલા. ત્યારબાદ આરોપીને અટક કરી નામ . કોર્ટમાં કસ્ટડી સોંપવા માટે મોકલી આપેલ . સદર કામે આરોપીઓ પાસેથી જેમા આ કામના આરોપી આનંદસિંહ હરચરણસિંહ ગુનાના કામે વાપરેલ લાકડી સ્વખુશીથી રજુ કરતો હોય તેમા બે પંચોના માણસો બોલાવી સદર કામે સદર કામે મુદ્દામાલ લાકડી કે જે મુદદમાલ રીકવરી પંચનામુ બે પંચોની હાજરીમાં લખી લઈ બે પંચોની તેમજ રુબરુ તરીકે તેઓની સહી છે જે તેઓ ઓળખી બતાવે છે જેને રજુ દાખલ આંક –૪૪ આપવામાં આવે છે. બાદ આ કામે ઈજાગ્રસ્ત જગનસિંહ તેમજ કબીરસિંહનાઓના સારવાર સર્ટી. મેળવવા કોટેજ હોસ્પીટલ તેમજ આયુષ હોસ્પીટલ લુણાવાડાને યાદી કરેલી જે આજ રોજ તેઓને બતાવતા તેઓ ઓળખી બતાવે છે જેનો અનુક્રમે આંક–૪૫ અને આંક–૪૬ આપવામા આવે છે અને સારવાર સર્ટી. મેળવી કામમાં સામેલ રાખેલ છે. તેઓની તપાસમા આ કામના આરોપીઓ સામે ગુનો

બનેલાનુ ખુલવા પામતા અને તે મુજબ પુરાવા પ્રાપ્ત થતા નામ. કોર્ટમા ચાર્જશીટ કરેલુ. આરોપીને જોયેથી તેઓ ઓળખે છે.

આરોપી તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં સાહેદ જણાવેછે કે, આ કામે કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદનો લીધેલા નથી. આરોપીઓએ રજુ કરેલ લાકડી કે જે બજારમાં સરળતાથી મળી શકે.

**પુરાવાનું મૂલ્યાંકન:**

**(૧૯)** સદર કામે ફરીયાદપક્ષ તરફે ફરીયાદીની ફરીયાદના અનુસંધાનમાં જે આરોપીઓ વિરુધ્ધ તે મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવા દ્વારા રેકર્ડ પર રજુ કરી તે મુજબનો ગુન્હો શંકારહીત પુરવાર કરવો જોઇએ. આરોપીઓ પક્ષે ઉલટતપાસ દ્વારા ફરીયાદ પક્ષના પુરાવામાં સંભવિત શંકા ઉપસ્થિત થાય છે તે મુજબ રેકર્ડ પર પ્રસ્થાપિત કરવો જોઇએ અને જો કોઇ વિશેષ બચાવ પોતાનો હોય તો તે મુજબનો તેમનો બચાવ રજુ કરવો જોઇએ. જો આવા કોઇ વિશેષ પુરાવામાં આરોપીઓનો પક્ષ નિષ્ફળ ગયેથી ફરીયાદપક્ષનો પુરાવો સફળ થાય છે તેવું માની શકાય નહી. પરંતુ સૌપ્રથમ ફરીયાદપક્ષે આરોપીઓ વિરૂધ્ધ શંકા રહિતનો પુરાવો રજુ કરવો જોઇએ તેવું કાયદાનું ધોરણ છે. વધુમાં અદાલતે ભારતીય પુરાવા ધારાની વિવિધ જોગવાઇઓ તથા નામદાર સુપ્રિમ કોર્ટ તથા નામદાર હાઇકોર્ટ ના વિવિધ ચુકાદાઓમાં જે સિધ્ધાંતો આપવામાં આવેલા છે.તે સિધ્ધાંતો પણ અદાલતે ધ્યાને રાખવાના છે. આ કામે આરોપીઓ ઉપર ઇ.પી.કો કલમ-૩૨૩,૩૨૪,૩૨૫,૫૦૪,૫૦૬(૨),૧૧૪ અને જી.પી.એકટની કલમ-૧૩૫ મુજબના આક્ષેપો છે કાયદાની આ જોગવાઇઓ વંચાણે લઇએ તો તે નીચે મુજબ છે.

**<u>આઈ.પી.સી. કલમ ૩૨૩ :- સ્વૈચ્છાપૂર્વક વ્યથા કરવા બાબત</u>**

જે કોઈ વ્યકિત, કલમ-૩૩૪ માં જણાવેલા સંજોગોમાં હોય તે સીવાય, સ્વેચ્છાપૂર્વક વ્યથા કરે, તેને એક વર્ષ સુધીની બેમાંથી કોઈ પ્રકારની કેદની, અથવા એક હજાર રૂપિયા સુધીના દંડની અથવા તે બંનેની શિક્ષા કરવામાં આવશે.

**<u>આઈ.પી.સી.ની કલમ ૩૨૪ :- ભયંકર હથિયાર કે સાધનો વડે સ્વેચ્છાપૂર્વક વ્યથા નિપજાવવી</u>**

જે કોઈ વ્યક્તિ, કલમ ૩૩૪માં જણાવેલા સંજોગોમાં હોય તે સિવાય ગોળી છોડવાના, ભોંકવાના કે સાધન વડે અથવા આગ કે કોઈ તપાવેલ પદાર્થ વડે અથવા કોઈ ઝેર કે ભયજનક પદાર્થ વડે અથવા કોઈ કાપવાના સાધન વડે અથવા જે સાધનને આક્રમક હથિયાર તરીકે વાપરવાથી મોત નીપજાવાને સંભવ હોય તેવા નુકસાનકારક હોય તેવા પદાર્થ વડે અથવા કોઈ પશુ મારફત સ્વેચ્છાપૂર્વક વ્યથા કરે. તેને ત્રણ વર્ષ સુધીની વિસ્ફોટક પદાર્થ વડે અથવા જે પદાર્થ શ્વાસમાં લેવાથી કે ગળી જવાથી કે લોહીમાં ભળવાથી માનવશરીરને બેમાંથી કોઈ પ્રકારની કેદની, અથવા દંડની અથવા તે બંનેની શિક્ષા કરવામાં આવશે.

**<u>આઈ.પી.સી.ની કલમ ૩૨૫ :– સ્વૈચ્છાપૂર્વક મહાવ્યથા કરવા માટે શિક્ષા</u>**

જે કોઈ વ્યક્તિ, કલમ ૩૩૫ માં જણાવેલા સંજોગોમાં હોય તે સિવાય સ્વેચ્છાપૂર્વક મહાવ્યથા કરે તેને સાત વર્ષ સુધીની બેમાંથી કોઈ પ્રકારની કેદની શિક્ષા કરવામાં અ ાવશે અને તે દંડને પણ પાત્ર થશે.

**<u>આઈ.પી.સી.ની કલમ ૫૦૪ :– સુલેહનો ભંગ કરવા ઉશ્કેરવા માટે ઈરાદાપૂર્વક અપમાન કરવા બાબત</u>**

જે કોઇ વ્યકિત ઉશ્કેરાઈ જઈને, કોઈ વ્યક્તિ જાહેર સુલેહશાંતિનો ભંગ કરે અથવા કોઈ ગુનો કરી બેસે, અથવા જે કોઈ વ્યક્તિ ઈરાદાપૂર્વક બીજી કોઈ વ્યક્તિનું અપમાન કરીને તેને ઉશ્કેરાટનું કારણ આપે, તેને બે વર્ષ સુધીની બેમાંથી કોઈ પ્રકારની કેદની, અથવા તે બંનેની શિક્ષા કરવામાં આવશે.

**<u>આઈ.પી.સી.ની કલમ ૫૦૬ :– ગુનાહિત ધમકી</u>**

જે કોઇ વ્યકિત ગુનાહિત ધમકી આપે તો તેને બે વર્ષ સુધીની બેમાંથી કોઇ પ્રકારની કેદની, અથવા દંડની અથવા તે બંનેની શિક્ષા કરવામાં આવશે.

જો તે ધમકી મૃત્યુ નિપજાવવાની અથવા મહાવ્યથા કરવાની અથવા આગળથી કોઇ મિલકતનો નાશ કરવાની અથવા મોતની અથવા જન્મટીપની, અથવા સાત વર્ષ સુધીની કેદની શિક્ષાને પાત્ર ગુનો કરવાની હોય.

**<u>જી.પી.એકટ ની કલમ–૧૩૫ નીચે મુજબ છે.</u>**

**<u>કલમ–૧૩૫: કલમ–૩૭,૩૯ અથવા ૪૦ હેઠળ નિયમ અથવા નિર્દેશોના ઉલ્લંઘન માટે દંડ:</u>**

જો આદેશનું ઉલ્લઘન કરવામાં આવ્યું હોય અથવા જેના ઉલ્લંઘનને પો્ત્સાહન આપવામાં આવ્યું હોય તે કલમ–૩૭ ની પેટા કલમ–૧ અથવા કલમ–૩૯, અથવા કલમ–૪૦ હેઠળ કરવામાં આવ્યું હોય, તો તેને એક વર્ષ સુધીની કેદની સજા થઇ શકે છે. પરંતુ લેખિતમાં નોંધવાના કારણો સિવાય નહી, ચાર મહિનાથી ઓછી અને દંડને પણ પાત્ર રહેશે અને,

જો ઉપરોકત આદેશ કલમ–૩૭ની પેટા કલમ–ર હેઠળ કરવામાં આવ્યો હોય, તો એક મહિના સુધીનો કેદ અથવા રૂા.૧૦૦/– સુધીના દંડની સજા થઇ શકે છે, અને

જો ઉપરોકત આદેશ કલમ–૩૭ ની પેટા કલમ–૩ હેઠળ કરવામાં આવ્યો હોય, તો સો રૂપિયા સુધીના દંડની સજા થઇ શકે છે.

**(ર૦)** ઉપરોકત કલમમાં ૩૭(૧) નો ઉલ્લેખ કરવામાં આવેલ છે. આ કલમ મુજબ મેજિસ્ટ્રેટે જાહેર વ્યવસ્થા, કાયદો અને સુલેહ શાંતિ જળવાઈ રહે તે સારૂ જાહેરનામુ પ્રસિધ્ધ કરેલ હોવુ જોઈએ. સામાન્ય રીતે જાહેરમાં ઘાતક હથિયારો લઈ જવા અને રાખવા તથા અમુક કૃત્યો પ્ર તિબંધીત કરવામાં આવતા હોય છે. જાહેરનામાનુ અસ્તિત્વ હોવા છતાં પ્રતિબંધીત કૃત્ય કોઈ વ્યકિત કરે તો તે જી.પી.એકટની કલમ–૧૩પમાં જણાંવ્યા મુજબ શિક્ષાને પાત્ર ગુન્હો બને છે. આ કામે સમગ્ર પુરાવાનુ અવલોકન કરીએ તો આ કામે તપાસ કરનાર અમલદાર તરફથી કોઈજ જાહેરનામુ રજુ કરવામાં આવેલ નથી માત્ર આ કલમ હેઠળ આક્ષેપ કરવામાં આવેલ છે તેનો કોઈજ પુરાવો રજુ કરવામાં આવેલ નથી. જેથી આ અંગેનો ગુનો પુરવાર થતો નથી.

આ કામે ઈ.પી.કો કલમ ૩ર૪ નો આક્ષેપ છે. આ ગુનો પુરવાર કરવા હથીયાર એ મહત્વનો ભાગ છે. ગુનાના કામે વપરાયેલ હથીયાર કાપવા,ભોંકવા, છોડવાનુ, તપાવવાનુ અથવાતો ઘાતક હોવુ જોઈએ આ કામે ફરીયાદી અને સાહેદે તલવારનો ઉલ્લેખ તેમની જુબાનીમાં કરેલો છે. પરંતુ ફરીયાદમાં તે અંગેનો ઉલ્લેખ નથી અને તેમના દિકરાએ જુબાનીમાં માં તલવાર અથવા તો લાકડી જેવા હથીયાર થી મારી દીધેલ તેવા શબ્દો

વાપરેલ છે. આ શબ્દો ઈ.પી.કો. કલમ ૩૨૪ ના સમર્થનમાં ચોકકસ પુરાવો ગણી શકાય નહી. જયારે તલવારનો ઉલ્લેખ ફરીયાદમાં ન હોય, પંચનામા માં તેનો ઉલ્લેખ ન હોય, લાકડી સિવાય બીજા કોઈ હથીયારોનો ઉલ્લેખ ન હોય ત્યારે ઘાતક હથીયારો નો જે કલમ માં ઉલ્લેખ હોય તે કલમ લાગુ પાડી શકાય નહી. ઈ.પી.કો. કલમ ૩૨૪ સાબિત થતી નથી તેમ ઠરાવવામાં આવે છે.

**(૨૧)** ઈ.પી.કોડની કલમ–૫૦૪ જાહેર સુલેહશાંતી ભંગ થાય તેવા ઈરાદે કોઈ વ્યકિતનુ અપમાન કરવું આ ગુના માટે કોઈ વ્યકિતએ બીજી વ્યકિતને શબ્દો અથવા તો ગેરવર્તુણક કરે તો તે વ્યકિત ઉશ્કેરાય જઈને કોઈ ગુન્હો કરે, વિગત જાણવા છતાં અથવા તો ગુનો કરી બેસ ે તેવાં ઈરાદે, ઉશ્કેરાવવાના ઈરાદે તેનું અપમાન કરે તો તેને ૨ વર્ષની સજા કેદ અને ૨ વર્ષની બેમાંથી સાદી અથવા સખત કોઈપણ પ્રકારની કેદ અથવા તો દંડ અથવા તો બંને પ્રકારની કરવામાં આવશે. પરંતુ આ કામના ફરિયાદી અને સાહેદોને તેમનું અપમાન કરવામાં આવેલુ છે તેવા કોઈ જ શબ્દો આરોપીઓએ કહેલા હોય અને તેઓ ઉશ્કેરાઈ ગયેલ હોય તેમની જુબાનીમાં કહેતા નથી ફરીયાદી તેજપાલ ગાળો બોલતા હતા તેટલીજ હકીકત તેમની જુબાનીમાં કહેલ છે. બીજા આરોપીઓ બાબતે કાંઈ જ કહેતા નથી. જયારે ફરીયાદીનો દીકરો કબીરસિંઘ તો તે હકીકત પણ કહેતા નથી. ઈ.પી.કો. કલમ ૫૦૪ નો ગુનો તમામ પ્રકારની વ્યાજબી શંકાઓથી પર પુરવાર થાય છે તેમ આ પુરાવા ઉપર થી કહી શકાય તેમ નથી.

**(૨૨)** તે જ રીતે ઈ.પી.કો.ની કલમ–૫૦૬(૨)માં નીચે મુજબની જોગવાઈ કરવામાં આવેલી છે. ''કોઈ પણ વ્યકિત ગુનાહીત ધમકી આપે તો તેને ૨ વર્ષની બેમાંથી કોઈપણ પ્રકારની કેદની અથવા દંડ અથવા બંને સજા કરવામાં આવશે. જો તે ધમકી મૃતયુ નિપજાવવાનાં અથવા મહાવ્યથા વગેરે કરવાની હોય અથવા આર્થિક કોઈ મિલકતનો નાશ કરવાની અથવા આજીવન કેદની અથવા ૭ વર્ષ સુધીની, બેમાંથી કોઈ પણ પ્રકારની સજા કરવામાં આવશે. ઉપરોકત પરિભાષા મુજબ ફરિયાદપક્ષ તેમનો કેસ પુરવાર કરવા બંધાયેલાં છે.

ગુનાહિત ધમકી બાબતે વણકર પ્રવિણભાઈ બેચરભાઈનાં કેસમાં નામદાર કોર્ટ ગુનાહિત ધમકી માટે આવશ્યક તત્વો સાબિત કર્યા છે જે ટૂંકમાં નીચે મુજબ છે.

- **ધમકી:** આરોપીએ કોઈ વ્યક્તિને શારીરિક ઈજા, પ્રતિષ્ઠાને હાનિ, અથવા મિલકતને નુકસાન પહોંચાડવાની ધમકી આપી હોવી જોઈએ.
- **ધમકીનો ઈરાદો:** આ ધમકીનો ઈરાદો તે વ્યક્તિને ગભરાવવા અથવા તેને કોઈ ગેરકાયદેસર કૃત્ય કરવા અથવા કોઈ કાયદેસર કૃત્ય ન કરવા માટે મજબૂર કરવાનો હોવો જોઈએ.
- **ગંભીરતા:** ધમકી એટલી ગંભીર હોવી જોઈએ કે તે સાંભળનાર વ્યક્તિના મનમાં ભય પેદા કરે છે.

આ કામે ફરીથી ફરીયાદી આંક ૧૯ અને તેમના દિકરા કબીરસીંઘ ની જુબાની આંક ૨૬ ની વંચાણે લઈએ તો ધમકી ભરેલા શબ્દો '' ગામ છોડી જતા રહેવુ નહીતો માર પડશે'' તેટલા જ છે આ શબ્દો નુ અર્થઘટન કરીએ તો આ સાહેદો ને મહા વ્યથા પહોંચાડવાની ધમકી આપેલ છે. અથવાતો જાનથી મારી નાંખવાની ધમકી આપવામાં આવેલ છે તેમ કહી શકાય તેમ નથી. છે. જે અપરાધ સાહેદો વિરૂધ્ધ કરવાની ધમકી આપવામાં આવેલ છે તે કૃત્યતો આરોપીઓ સાહેદોના કહેવા પ્રમાણે કરી ચુકયા છે. જે કૃત્ય આરોપી મારફતે કરવાાં આવેલ હોય તે કૃત્યની ધમકી થી સાહેદના મનમાં કેટલી અસર થાય તે એક વિચારવા લાયક મુદ્દો છે. આ બાબતે મારા મત મુજબ જેં ગુનો થઈ રહેલ હોય ત્યારબાદ તે ગુનો કરવાની ધમકીની અસરકારકતા રહે નહી. આ કેસમાં સાહેદો આ વિશે કાંઈજ કહેતા ન હોઈ જાનથી મારી નાં ખવાની ધમકી નો ગુનો આ કેસમાં પુરવાર થતો નથી.

**(૨૩)** આ કામે બે ગુના ઈ.પી.કો. કલમ ૩૨૩, અને ૩૨૫ મુજબના ગુના આરોપીએ ફરીયાદી અને સાહેદ વિરૂધ્ધ કરેલા છે કે કેમ? તે મુદ્દાની ર્ચચા કરવા માં આવે તો આ કામે ઈ.પી. કો. કલમ ૩૨૩ મુજબ સ્વેચ્છાપુર્વકની વ્યથા શબ્દનો ઉલ્લેખ કરવામાં આવેલ છે. સ્વેચ્છાપુર્વક નો મતલબ જાણી બુઝીને, ઈરાદાપુર્વક, ઈજા પહોંચશે તેવો ઈરાદો રાખીને કરવામાં આવેલ

કૃત્યનો સમાવેશ થાય છે. વ્યથા એટલે શારીરીક પીડા, અશકિત, ઈજા, બિમારી વગેરેનો ઉલ્લેખ કરવામાં આવેલ છે. આ કામે ફરીયાદી અને તેમનો દીકરા કબીરની જુબાનીમાં આ કામના આરોપીઓએ ફરીયાદીને માથાના ભાગે લાકડીથી મારેલ હોવાની હકીકત જણાવેલ છે. આ સાહેદ બનાવમાં ભોગ બનનાર સાહેદ છે. તેમને માથાના ભાગે ઈજા થઈ છે તેવુ દાકતરી પુરાવો ડો.ગૌરાંગ એમ. પંચાલ આંક ૨૬, આંક ૨૭ થી મેડીકલ સર્ટી, આંક ૩૬ થી ડો. ભાવીશાબેન ની જુબાની જેમાં સાહેદોને થયેલ ઈજા એ આ કામના ફરીયાદીને શરીરના કયાં અંગમાં ઈજા થયેલ છે તેની ગવાહી સમર્થનમાં પુરે છે. આ કામે આરોપીની દલીલ જેવી કે આ કામે ફરીયાદી સાહેદે મેડીકલ હીસ્ટ્રીમાં આરોપીઓના નામ લખાવેલ નથી જેથી શંકા ઉત્પન્ન થાય છે તે બાબત સ્વીકારી શકાય તેમ નથી કારણકે ડો.ભાવીશાબેને તેમની જુબાનીમાં સ્પષ્ટપણે આરોપીઓના નામ મેડીકલ હીસ્ટ્રી માં લખાવેલ હતા તેમ જણાવેલ છે. આ કામે ફરીયાદી અને આરોપીઓ વચ્ચે અગાઉથી જુની દુશ્માનાવટ ચાલતી હતી તેવી પણ દલીલ છે. આ દલીલના અનુસંધાને આવી દુશ્માનવટના કારણે ફરીયાદી સાહેદ ઉપર સરેઆમ જાહેરમાં હુમલો કરવામાં આવેલ હોય તેવી શકયતાઓ વધારે રહે છે તેમ પણ માની શકાય તેમ છે. આ કામે આવો કોઈ પુરાવો રેકર્ડ ઉપર આવતો નથી. અન્ય કોન્ટ્રાડીકશન સામાન્ય પ્રકારના છે તેને વધુ મહત્વ આપવુ યોગ્ય નથી.

આ કામે આરોપી પક્ષે એવી પણ રજુઆત છે કે, પંચ સાહેદો હોસ્ટાઈલ થઈ ગયેલા છે. ચારકોસીયા જેવા જાહેર માર્ગ ઉપર બનાવ બતાવવામાં આવેલ છે. ઘણા બધા માણસોની હાજરી તે સમયે હોવા છતાં કોઈ જ સ્વતંત્ર સાહેદો તપાસવામાં આવેલા નથી. મેડીકલ સર્ટી સં પૂર્ણપણે સમર્થન કરતુ નથી. જેથી સદરહુ ગુન્હો પુરવાર થયેલ ગણી શકાય નહી. આ દલીલના અનુસંધાને આ કામે પુરાવો જોવાામાં આવે તો કુલ ૧૧ સાહેદો ચાર્જશીટમાં બતાવવામાં આવેલા છે. આરોપીઓ વિરૂધ્ધ ભોગ બનનાર બંને સાહેદોએ પુરતો પુરાવો આપેલો છે આ સાહેદો ને થયેલ ઈજા અને તેના સમર્થનમાં તબીબી પુરાવો એ તેમની

બનાવ સ્થળે હાજરી અને ઈજાની ખાતરીથી નામદાર સુપ્રીમ કોર્ટ તથા નામ. હાઈકોર્ટના વિવિધ જજમેન્ટો મુજબ આવા સાહેદોનો પુરાવો સરળતાથી અવગણી શકાતો નથી તેના માટે પુરતા કારણો હોવા જોઈએ. જયારે જાહેરમાં કોઈ બનાવ બને ત્યારે સામાન્ય નાગરિકો આરોપીઓ વિરૂધ્ધ પુરાવો આપવા આવતા નથી અને તેઓ અદાલત ની કાર્યવાહી ટાળતા હોય છે. પંચ સાહેદો ને હોસ્ટાઈલ થવા માટે અલગ–અલગ કારણો હોય છે પરંતુ પંચ સાહેદો હોસ્ટાઈલ થવા માત્રથી કોઈ બનાવ બનેલો નથી તેમ કહી શકાય નહી અને આરોપીઓની દલીલ આ તબકકે સ્વીકારવા યોગ્ય ગણાતી નથી.આમ, ઈ.પી.કો. કલમ ૩૨૩ આ કામે આરોપીઓ વિરૂધ્ધ પુરવાર થયેલ છે તેમ ઠરાવવામાં આવે છે.

**(૨૪)** ઈ.પી.કો. કલમ ૩૨૫ ના સબંધમાં નીચેની ઈજાઓ અથવા તેમાંથી કોઈ પણ એક પણ ઈજા પહોંચાડવામાં આવે તો આ કલમ હેઠળનો ગુનો સાબિત થઈ શકે. આ કલમમાં અં ગભંગ, સાંભળવાની, બોલવાની, જોવાની શકિતનો નાશ થવો, અવયવો કે સાંધાનો નાશ થવો, કોઈ અવયવ કે સાંધાની શકિતનો નાશ કે કાયમી ખોટ, મસ્તક કે ચહેરાની કાયમી વિકૃતી, હાડકા અથવા દાંતનુ ભાંગી જવુ અથવા ખસી જવુ જેનાથી જીંદગી જોખમમાં મુકાય અથવા વ્યથા ભોગવનારને ૨૦ દિવસ સુધી સખત શારીરિક પીડા થવી અથવા તેનુ રોજીંદુ કામ કરવા અશકિતમાન બને તેવી વ્યથાનો સમાવેશ થાય છે. આ કામે આરોપીઓએ એકબીજાના મેળાપીપણામાં વ્યથા કરેલી છે તે હકીકત ની ચર્ચા આ જજમેન્ટના પેરા નં.૧૭ માં કરી દીધેલી છે. હવે આ ઈજાઓ ઉપર જણાવેલામાંથી કોઈ પણ એકમાં પડે છે કે કેમ તે જોવાનું રહે છે. આ કામે ડો.ગૌરાંગ એમ. પંચાલે આપેલી સાહેદ કબીરસીંઘ જગનસીંઘ ને થયેલી ઈજા કપાળના ભાગ ઉપર ૧ બાય ૧ સે.મી. જેટલુ લોહી જામેલુ હતુ અને જમણી સાથળના બહારના ભાગે ४ સે.મી. બાય ૨ સે.મી. જેટલુ લોહી જામેલુ હતુ. સીટી સ્કેન કરાવવામાં આવતા જમણી બાજુનુ હાડકુ ફેકચર થયેલુ હતુ અને મગજમાં ૨ મી.મી. જેટલુ હેમરેજ થયેલ હતુ. દર્દીને મેડીકલ હીસ્ટ્રી પુછતા અન્ય માણસે તલવાર દવારા

મારેલુ હતુ અને દર્દીને થયેલીી ઈજા ગંભીર પ્રકારની હતી. આ હકીકતનો આંક–૨૭ ના મેડીકલ સર્ટીફીકેટમાં પણ ઉલ્લેખ કરેલો છે. જો કે ફરીયાદીએ તેની ફરીયાદમાં તલવાર થી હુમલો થયેલો તેવુ કહેલુ નથી પરંતુ ઈજા પામનાર તેની જુબાનીમાં તલવાર જેવો અથવા તો લાકડી તેવા શબ્દો હથિયાર માટે વાપરેલ છે એટલે કે, આ સાહેદ કબીરસીંઘને ઈજા પહોં ચાડવામાં આવેલ હતી તે હકીકત આ કામે બીજા મેડીકલ ઓફીસર ભાવીશાબેન તેમની જુબાનીમાં જે ઈજાઓ કહેલી છે તે ઈજાઓ ડો.ગૌરાંગ એમ. પંચાલે કહેલ છે. પરંતુ ડો.ભાવીશાબેન તલવારથી ઈજા થઈ શકે તેમ કહેતા નથી. પરંતુ સખત અને બોથડ પદાર્થથી થઈ શકે તેવુ જણાવેલ છે. આમ, આ મેડીકલ સર્ટીમાં જણાવેલ ઈજા ગંભીર પ્રકારની ઈજા છે અને ફ્રેકચર હોઈ તેને મહાવ્યથામાં સમાવેશ કરેલો છે જેથી ઈ.પી.કો કલમ–૩૨૫ મુજબ બનેલો છે કે કેમ તેનો જવાબ હકારમાં આપવામાં આવે છે. આમ, સમગ્રપણે મુદદા નં.૧ નો જવાબ અંશત: હકારમાં આપવામાં આવે છે એટલે કે હાલના આરોપીઓને ઇ.પી.કો કલમ–૩૨૩ અને ૩૨૫ મુજબ તકસીરવાન ઠેરવવામાં આવે છે અને મુદ્દા નં. ૨ પરત્વે સાંભળવા સારૂ મુલત્વી રાખવામાં આવે છે.

તા. ૦૮/૦૪/૨૦૨૬ પી.સી.સોની

એડી.ચીફ જયુડી.મેજીસ્ટ્રેટ,

લુણાવાડા

**સાંભળ્યા,**

આ કામે એ.પી.પી.શ્રી ની રજુઆત છે કે, ફરીયાદપક્ષ તેમનો કેસ તમામ પ્રકારની શં કાઓથી પર પુરવાર કરવામાં સફળ થયેલ છે. આરોપીઓએ જાહેરમાં સાહેદોને ઘાતક હથિયારોથી મારીન઼ે ગંભીર ઈજાઓ પહોંચાડેલ છે અને ભયનો માહોલ સર્જેલ છે જેથી આરોપીઓને કાયદા મુજબની પુરેપુરી સજા કરવા વિનંતી કરેલ છે.

જયારે આરોપી તરફે રજુઆત છે કે, આરોપીઓ ગરીબ અને મજુર વર્ગમાંથી આવે છે. તેઓ અપીલ કરવા માંગે છે તેઓને જેલમાં મુકવામાં આવે તો તેમના કુટું બ–પરીવારને ભૂખે મરવાના દિવસો આવે તેમ છે જેથી આરોપીઓને ઓછામાં ઓછી સજા કરવા વિનંતી કરેલ છે.

બંને પક્ષોની રજુઆત સાંભળ્યા બાદ, આરોપીઓ સામેનો ઈ.પી.કો. કલમ–૩૨૩ તથા ૩૨૫ મુજબનો ગુન્હો પુરવાર થયેલ છે. આ કલમ મુજબ મહત્તમ ૭ વર્ષ સુધીની કોઈ પણ પ્રકારની જેલ અથવા તો દંડ થઈ શકે તેમ છે. આરોપીઓએ ચારકોસીયા જેવા જાહેર માર્ગ ઉપર લાકડીઓથી ફરીયાદી અને સાહેદ ઉપર હુમલો કરેલ છે, ઈજા પહોંચાડેલી છે તે સં જોગોમાં સમાજમાં કાયદાના શાસનનો સંદેશો જાય તે હેતુથી ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## <u>હુકમ</u>

**(૧)** આ કામે આરોપીઓ– (૧)તેજપાલસીંઘ નિહાલસીંઘ સરદારજી,ઉ.વ.૩૦, રહે. બસ સ્ટેશનની સામે ગુરૂનાનક નગર હિંમતનગર, તા.હિંમતનગર, જી.સાબરકાંઠા, હાલ રહે. નવી કોર્ટ સામે મોહનપુરા રોડ, નંદેશ્વર સોસાયટી ઇડર, તા.ઇડર, જી.સાબરકાંઠા, (૨)આનંદસીંઘ હરણસીંઘ ઉર્ફે ચીનાસીંઘ બાવરી(સરદારજી),ઉ.વ.૨૨, રહે. ગુરૂનાનક નગર, વૈધનાથ મંદિર પાસે શહેરા,તા.શહેરા,જી.પંચમહાલ (૩)અજયસીંઘ દયાસીંઘ બાવરી (સરદારજી),ઉ.વ.૩૫, રહે. ગામ.મોટી ચરેલ,લુણાવાડા, તા.લુણાવાડા, જી.મહીસાગર નાઓને ક્રિ.પ્રો.કોડની કલમ–૨૪૮(૨) મુજબ ઇ.પી.કો. કલમ ૩૨૩ તથા ૩૨૫ સાથે વાંચતા તમામ આરોપીઓને ઇ.પી.કો કલમ ૩૨૫ સબબ ૧(એક) વર્ષની સખત કેદની સજા તથા રૂા.૧૦૦૦/– નો દંડ નો હુકમ કરવામાં આવે છે તથા કલમ–૩૨૩ સબબ ૩(માસ)ની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે અને દરેક આરોપીએ રૂા.૫૦૦/– નો દંડ ભરવાનો હુકમ કરવામાં આવે છે. અને ઉપરોકત દંડની કુલ રકમ ન ભરે તો વધુ એક માસની સાદી કેદની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે.

**(૨)** ઉપરોકત ઇ.પી.કો. કલમ ૩૨૩,૩૨૫ માં જણાવેલ ગુના સીવાય બાકી રહેતી કલમો સબબ આરોપીઓને નિદોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**(૩)**અપીલ સમય વીત્યા બાદ મુદ્દામાલનો નાશ કરવો.

**(૪)** આરોપીઓને સજા કરવામાં આવેલ હોય ક્રિ.પ્રો.કોડની કલમ ૩૬૩ મુજબ વિના મૂલ્યે ચુકાદાની નકલ પુરી પાડવાનો હુકમ કરવામાં આવે છે.

**(૫)** આરોપીઓ વિરૂધ્ધ ક્રિ.પ્રો.કોડની કલમ–૪૧૮ મુજબનુ જેલ વોરંટ ભરવુ.

**(૬)** આજરોજ તા.૦૮/૦૪/૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**તા. ૦૮/૦૪/૨૦૨૬** **(પી. સી. સોની)**

**લુણાવાડા** **એડી.ચીફ જ્યુડી. મેજીસ્ટ્રેટ, લુણાવાડા**

**જજ કોડ– જીજે ૦૦૮૪૮**